---

# અમદાવાદના મહેરબાન એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૨ માં

---

**ફોજદારી કેસ નં.૨૨૫૦/૨૦**

**આંક.**

ફરીયાદી :– શ્રી સરકાર

**વિરુધ્ધ**

આરોપી ચંદ્રકાંત શશીકાન્ત વત્તા ૫

**આરોપઃ– જુગાર ધારા કલમ–૧૨, ૧૨(અ) મુજબ.**

**ઠ રા વ**

(૧). આ કામના આરોપીઓ વિરુધ્ધ માધવપુરા પોલીસ સ્ટેશનમાં જુગાર ધારાની કલમ–૧૨, ૧૨(અ) મુજબના ગુનાની ફરીયાદ થયેલ, જે સંદર્ભે પોલીસે તપાસને અંતે ચાર્જસીટ રજુ કરેલ છે.

(૨). ગુજરાત સ્ટેટ લીગલ ઓથોરીટીના પરિપત્ર અન્વયે નામદાર ચેરમેનશ્રી, લીગલ સર્વીસ કમિટિ, મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદના **નોટીફીકેશન નંબરઃ ૧/૨૦૨૦, તાઃ૧/૨/૨૦૨૦** ધ્વારા સ્પેશ્યલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ હોય, આરોપીઓ આજ રોજ સ્પે. સીટીંગ લોક અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીઓને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીઓની ગુના સબબ પ્લી નોધતા, આરોપીઓએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.

(૩). આરોપીઓએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીઓએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપીએએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીઓને સજા કરવી જોઈએ તેમ માનુ છું. પરંતુ, આરોપીઓની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમજ આરોપી પક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલ રજુઆતો લક્ષમાં લેતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા "સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદ ઠાકોર" ૨૦૦૫(૧) જીએલઆર પાના નં.૭૦૯ ના ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાતોને લક્ષમાં લેતાં, આ કામમાં આરોપીઓને હાલના ગુના સબબની કબમમાં ન્યુનતમ સજા નિયત કરેલી ના હોય, દંડની સજા કરવી જોઈઅ તેમ માનુ છું. આરોપીઓની સામેના ગુનાને લક્ષમાં લેતા સામાન્ય કુટુંબના વાતાવરણમાંથી આવતા હોય, આવા પ્રકારના સંજોગોમાં તેઓની રજુઆતો લક્ષમાં લેતા આરોપીઓને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવવા રહયા, જેથી ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>હુકમ</u>

**(૧).** આ કામના આરોપીઓને એટલે કે <u>દરેક</u> આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૨ મુજબ જુગાર ધારાની **કલમ–૧૨, કલમ–૧૨(અ)** મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા. ૧૦૦/– (અંકે રુપિયા સો પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ભરવામાં કસુર કરે તો પ્રત્યેક આરોપીને દિવસ –૩ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

**(૨).** મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ આરોપીઓની અંગજડતીમાંથી તથા જમીન પરના દાવ પરના કબજે કરેલ નાણા શ્રી સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩).** જયારે મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ ગંજીપાના, બોલપેન, સ્લીપો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૪).** જયારે મુદ્દામાલ પાવતીમાં મોબાઈલો, વાહનો જે તે અરજદાર– આરોપી પાસેથી યોગ્ય આધાર પુરાવો મેળવી તેના માલીકને સુપરત કરવાનો હુકમ કરવામાં આવે છે તથા તે આધાર પુરાવો અત્રેની કોર્ટમાં દિવસ–૩ માં રજુ કરવો.

**(૫).** હુકમની યાદી સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજરોજ ખુલ્લી નેશનલ લોક અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તારીખઃ૮/૨/૨૦૨૦
અમદાવાદ

(એમ.વાય.રાધનપુરવાલા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૨, અમદાવાદ
જી.જે.૦૦૭૩૪